સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

કરોડોનાં કાજળે, સત્તાની આંખો મિંચાઈ જાય છે
બચાવ માટે, સુરક્ષાના કોઠા રચાઈ જાય છે
વેંચાઈ જાય છે કાયદાના રક્ષકો 'વિનય' થી
પોલીશ કસ્ટડીમાં જ ગુનેગારો સંતાઈ જાય છે

સુધારો : ૧૮મીના સુપ્રભાતમ્‌ના મુક્તકમાં ચોથી લીટીમાં ગાંધીનગરના બદલે 'ગીધનગર' વાંચવા વિનંતી છે. મુદ્રણદોષ માટે ક્ષમા... - તંત્રી

હાઈકુ

વયેટિયાનો -
પોલીસથી બંધાય,
સુરક્ષા સેતૂ...

લાગી ઉધઈ -
સુરક્ષાનું માળખું
સાવ ખોખલું...

ચિંતન

अत्रैव सत्त्वात्मनि धीगुहाया मव्याकृताकाश उरुप्रकाशः ।
आकाश उच्चै रविवत् प्रकाशते स्वतेजसा विश्वमिदं प्रकाशयन् ॥

ઉપરોક્ત શ્લોક ઈશોપનિષદમાંઓથી લેવામાં આવેલ છે.

આ જ સત્ત્વમયી બુદ્ધિરૂપી ગુફામાં અવ્યક્ત આકાશની અંદર, ઉગ્ર પ્રકાશવાળો આત્મા ઊંચે આકાશમાં સૂર્યની જેમ, પોતાના તેજથી સમગ્ર વિશ્વને પ્રકાશિત કરે છે ને સ્વયં પ્રકાશિત થાય છે.

આપણી બુદ્ધિ રૂપી ગુફા એટલે 'જ્ઞાન' કે 'આત્મા' સ્વયં પ્રકાશ દ્વારા ચિંતન-મનનથી થે દિવ્યતા પ્રાપ્ત કરી લે તો આત્મજ્ઞાન કે મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

સુવિચાર

- કિસ્મત સબકો મૌકા દેતી હૈ, પર મહેનત સબકો ચૌંકા દેતી હૈ - **આશીષ કાપડીયા**
- જો તમારો અહંકાર નથી, તો તમે મોક્ષમાં છો ને મોક્ષમાં નથી તો તમે અહંકારમાં છો - **એસ. ભટ્ટાચાર્ય**
- જગત એના સ્વભાવમાં છે. સતયુગ, કળિયુગ લોકોના ભાવથી છે - **ડો. નીરુબેન અમીન**
- સત્યના ત્રણ ભાગ છે. પ્રથમ જિજ્ઞાસાને તેની આરાધના છે,
  બીજું જ્ઞાન જ તેની ઉપસ્થિતિ છે અને ત્રીજું વિશ્વાસ જે તેનો ઉપયોગ છે - **બેકન**
- આરસપહાણના પથ્થર માટે જેવી શિલ્પકલા છે,
  તેવી જ રીતે માનવ આત્મા માટે કેળવળી છે - **સંત રોબિન**
- ભય એક 'કર' છે જે અંતઃકરણ અપરાધને આપે છે - **પાસ્કલ**
- આજનું ઔષધ : આદુના રસમાં ચપટી મીઠું અને ચપટી હીંગ નાખી માલીશ કરવાથી સંધિવાના દુઃખાવામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કેનેડામાં એક બાળક ટેરી ફોક્સ કેન્સર રોગનો ભોગ બન્યો. કેન્સરને આગળ વધતું અટકાવવા એનો ડાબો પગ કાપી નાખવો પડ્યો. નિરાશ ટેરીની ખબર જોવા એના શિક્ષક આવ્યા. એમને એક લેખ ટેરીને વાંચવા આપ્યો. એ લેખમાં એક પગે અપંગ હોવા છતાં ન્યૂયોર્ક મેરેથોન પૂરી કરનાર ડીક ટોમની જીવન કહાની છપાઈ હતી. ડીક ટોકમની આ આત્મવિશ્વાસ સભરકથા વાંચી ટેરીને પણ કંઈક નવું કરવાની ઈચ્છા થઈ. હોસ્પિટલમાં રહીને તેણે બાળકોના કેન્સરમાં પીડાતા બીજા બાળ દર્દીઓની વ્યથા પોતે જોયેલી હતી. એણે વિચાર્યું કે આ જીવલેણ રોગના નિદાન અને તેના સંશોધન માટે ૧ મિલિયન કેનેડિયન ડોલર્સ ભેગા કરવા છે. જેના માટે હું સમગ્ર કેનેડામાં દોડ લગાવીશ. એનો ડાબો પગ કપાઈ ચૂક્યો હતો. આથી એણે કૃત્રિમ પગ સાથે દોડવાની પ્રેક્ટિસ શરૂ કરી. શરુઆતમાં ખૂબ જ તકલીપ પડી. ખૂબ પીડા થઈ. શરુઆતમાં દિવસમાં માંડ એકાદ કિલોમીટર દોડી શકાતું. હિંમત હાર્યા વગર સતત પ્રયાસો કર્યા બાદ એક વર્ષને અંતે તે રોજના ૨૦ માઈલ દોડતો થયો. એપ્રિલ ૧૯૮૦માં એણે પોતાના સ્વપ્નને સાકાર કરવા દોડ શરૂ કરી. આ દોડનું નામ આપ્યું 'મેરેથોન ઓફ હોપ'. સતત ૧૪૩ દિવસ સુધી આ દોડ ચાલી રોજનું સરેરાશ ૨૩ મીલનું અંતર કાપ્યું અને આ સદ્‌કાર્ય માટે ૨૪ મિલિયન ડોલરનું ભંડોળ એકત્ર થયું. આ રકમ ટેરિએ ધાર્યા કરતાં ૨૪ ગણું વધારે હતું. ટેરીએ 'મન હોય તો માળવે જવાય' જીવી બતાવ્યું.

ભારતીય પ્રજાની માનસિકતાનું વરવું સ્વરૂપ

તંત્રીસ્થાનેથી...

ભારત પાસે કોઈ અજબગજબની આધ્યાત્મિકતા ચેતના તો હોવી જ જોઈએ! એ સિવાય એકવીસમી સદીના આ ડિજિટલ તબક્કે પરસ્પર વિરોધાભાસી લાગે એવી ઘટનાઓ શી રીતે બને ! રોહતક પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ ઈંસ્ટિટયુટના પચાસ જેટલા ડૉકટરો ઉપર થયેલ રિસર્ચમાં ડૉકટરો પૈકી મોટા ભાગના સેલ્ફીના ચક્કરમાં ફસાતા હોવાનું તારણ નીકળ્યું છે. એ બધા આત્મરતિમાં રાચે છે અને દિવસ દરમિયાન ઓછામાં ઓછી ત્રણેક સેલ્ફી તો લઈને જ જંપે છે. ચેપી રોગ કહી શકો એ હદે આ વ્યસન કે ઘેલછા ડૉકટર જેવી પ્રબુદ્ધ કોમ્યુનિટીનો ભરડો લઈ બેઠી છે. બીજી તમામ પ્રવૃત્તિઓને નજરઅંદાજ કરીને લોકો મોબાઈલ પાછળ એમનો સોનેરી સમય ખરચી રહ્યા છે. મોબાઈલ નામનું રમકડું પકડાવી દઈને આધુનિક ટેકનોલોજીએ માનવીને માનવીથી દૂર હડસેલી દીધો છે. એનો પુસ્તક બલકે અખબાર ઊથલાવવાનો સમય નથી કે નથી મિત્રો અને સ્વજનો સાથે વાત કરવા માટે વખત. પણ મોબાઈલ પાછળ કલાકોના કલાકો વેડફી નાખવામાં એને કશી અડચણ નડતી નથી. સેલ્ફીથી લઈ વિવિધ પ્રકારની ફોટોગ્રાફી અને બ્લ્યુ વ્હેલ જેવી ખતરનાક રમતથી લઈ ચરિત્રભ્રષ્ટ કરતી પોનોગ્રાફી પાછળ માનવીની આંખો મંડાયેલી રહે છે અને મગજ સતત એક યા બીજા પ્રકારની તાણ અનુભવતું રહે છે. મોબાઈલ મેનિયા અને સેલ્ફી લાઈટીસ જેવા નવા નવા 'રોગ' શોધાઈ રહ્યા છે ! આ પ્રગતિના નામે અધોગતિ નથી તો બીજું શું છે? એથી તદ્દન સામા છેડે ગિરનારની લીલી પરિક્રમા કરવા ઊમટેલી શ્રદ્ધાળુ (?) મેદનીની તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યાં છે. ટ્રેનના છાપરા પર અને એન્જિનનાં પડખાં પર બેઠેલાં ભારતીય નાગરિકોને એમના જીવની નથી પડી. બસ. એમને જૂનાગઢ પહોંચવું છે. લીલી પરિક્રમા જંગલમાં અને પર્વતાળ પ્રદેશમાં કરવાની છે. એથી મૃત્યુના દેવ મહાદેવ કેટલા પ્રસન્ન થશે એ તો નક્કી નથી, પરંતુ ટ્રેનના છાપરા પર અને રેલવે એન્જિનનાં પડખાં પર બેસી જોખમી મુસાફરી કરી રહેલા યાત્રાળુઓ પર કોઈ પણ ક્ષણે યમદૂતો ત્રાટકી શકે છે. શું બુલેટ ટ્રેનનાં બણગાં ફૂંકનારા નેતાઓને આ પરિસ્થિતિનો અહેસાસ છે ખરો ? ઉત્સવો અને પર્વો આનંદ-પ્રમોદ અને આધ્યાત્મિક ચેતનાને સંકોરનારાં નિમિત્ત છે. પરંતુ એ વિવેકપૂર્વક ઊજવાય તે એટલું જ જરૂરી છે. એવું ન બને કે પ્રયાગરાજ ખાતે, હરદ્વારમાં કે નાશિકમાં કુંભમેળા વખતે બનેલી હૃદયદ્રાવક ઘટનાઓનું પુનરાવર્તન થઈ જાય. સરકાર જેટલી જ જવાબદારી અલબત્ત, સમાજની પણ બને છે. ધાર્મિક ઉત્સાહના અતિરેકમાં મોંઘેરી માનવ જિંદગીઓના ભોગ લેવાતા રહ્યા છે અને આપણે વિકસિત દેશોની નજરે હાસ્યાસ્પદ બનતા રહીએ છીએ. મોબાઈલ રોગીઓ તરીકે પણ કદાચ ભારતીય પ્રજાજનો મેદાન મારી રહ્યા છે અને સામે છેડે શ્રદ્ધાના નામે શહીદ થવામાં પણ આપણે જ શિરમોર રહીએ છીએ. બેઉ પરસ્પર વિરોધાભાસી લાગતી બાબતોમાં જે માનસિકતા છે તે સમાન છે, એ કહેવાની જરૂર ખરી ?

નવી શરતની જમીનની જોગવાઈઓમાં સુધારા : જુની શરતમાં ફેરવવા કબજા મુદ્દત ૨૫ વર્ષ કરાઈ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

નવી શરતની જમીન રહેણાંકના હેતુ માટે બજાર કિંમતે ફાળવેલ નવી શરતની જમીન વેચવી હોય તો તેવા કિસ્સામાં પ્રિમીયમના દર નક્કિ કરવા માટે રાજય સરકારે અગાઉની જોગવાઈમાં તાજેતરમાં સુધારા કર્યા છે.

હવેથી નવી શરતની જમીનની ફાળવણીના હુકમની તારીખ ધ્યાનમાં લઈ તે સમયગાળો હવે ૧૫ વર્ષના બદલે ૨૫ વર્ષનો ગણતરીમાં લેવામાં આવશે તેવી જ રીતે નવો ઠરાવ કો ઓપરેટીવ સોસાયટીઓ (સહકારી મંડળીઓ)ને રહેણાંક હેતુ માટે બજાર કિંમતે ફાળવેલ જમીનના પૂર્વ મંજુરીથી વેચાણ તથા જુની શરતમાં ફેરવવાના કામે લાગુ પડશે.

નવી શરતની જમીન વેચવાના કિસ્સામાં મેળવવી પડતી પૂર્વ મંજુરી અને તેને જુની શરતમાં ફેરવવી જેવી બે બાબતોના કિસ્સામાં પ્રિમીયમની વસુલાત કેટલી અને કેવી રીતે કરી શકાય તે માટે ઠરાવ જાહેર કર્યો હતો તે ઠરાવમાં સરકારે કેટલાક સુધારા કર્યા છે જે મુજબ અગાઉ જમીનો કબજા મુદ્દત ૧૫ વર્ષથી ૨૫ વર્ષની કરવામાં આવી છે.

સરકારે આ નવા સુધારા ઠરાવમાં ઠરાવ્યું છે કે, રહેણાંકના હેતુ માટે બજાર કિંમતે નવી શરતને કોઈ એક વ્યક્તિને જમીન ફાળવવામાં આવે ત્યારબાદ કેટલાક વર્ષો બાદ તે જ વ્યક્તિને જમીન અન્ય વ્યક્તિને પૂર્વ મંજુરી લઈને વેચી નાંખે તો તેવા કિસ્સામાં તે જમીનને જુની શરતમાં ફેરવવા અંગે તે મુળ વ્યક્તિને જમીન ફાળવણીની તારીખ અર્થાત તેને સનદ આપ્યા તારીખ ધ્યાનમાં લેવાશે અને તે મુજબ તેને લાભ આપવામાં આવશે.

એવી જ રીતે નવી શરતની જમીનને જુની શરતમાં ફેરવવાના કિસ્સામાં પણ જમીન ફાળવણી તારીખથી ૨૫ વર્ષ સુધીની અંદર તેની ઉપર કોઈ બાંધકામ સંલગ્ન શરત ભંગ થયો હોય અને તે અંગેના દંડની રકમ વસુલ કરાઈ હોય તો તેવા કિસ્સામાં પણ સનદની તારીખથી સમયગાળો ધ્યાનમાં લઈને લાભ આપી શકાશે ૨૫ વર્ષ બાદ નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા અંગેની સત્તા સબંધીત પ્રાંત અધિકારીને રહેશે.

આવી જમીનને જુની શરતમાં ફેરવવાના કિસ્સામાં પૂર્વ મંજુરી લીધા સીવાય વેચાણ કરવું હોય તો આ રીતે શરત ભંગ થયુ હોય અને તે નિયમિત પણ થઈ ગઈ હોય તો તેવા કિસ્સામાં પણ સનદની તારીખથી સમયગાળો ધ્યાનમાં લઈ તેને લાભ આપી શકાશે, રહેણાંકના હેતુ માટે કો ઓપરેટીવ સોસાયટીને બજાર ભાવે નવી શરતની ફાળવવામાં આવેલ જમીનમાં સોસાયટીના સભ્ય તરીકે મંજુર થયેલા પ્લોટ વ્યક્તિગત જુની શરતમાં ફેરવવાના કિસ્સામાં પણ અગાઉની જોગવાઈ મુજબ જ લાભ અપાશે.

બજાર કિંકત નવી શરતે ફાળવાયેલી જમીન અંગે પ્રિમીયમના દરની જોગવાઈઓમાં પણ સુધારા કરવામાં આવ્યા છે. અગાઉ સરકારી જમીન ખરીદવાની નવી નિતી પણ સરકારે બદલી નવી નિતી અમલમાં મુકેલ છે પ્રિમીયમ છેલ્લા એક વર્ષમાં નોંધાયેલા આજુબાજુની જમીનના વેચાણ દરસ્તાવેજને ધ્યાનમાં લઈ સરેરાશ કાઢી ચો.મી. દિઠ જેતે વિસ્તારની જમીનના પ્રિમીયમના દર સર્વે નંબર પ્રમાણે અલગ અલગ નક્કિ કરવામાં આવશે દસ્તાવેજ ના થયેલા હોય તેવી જમીનમાં નવી જંત્રીનો દર લાગુ પાડી વધારે દર તથા ઓછા દરના સરેરાશ મુજબ પ્રિમીયમ નક્કિ કરવામાં આવશે દોઢ કિ.મી. ત્રિજયાના વિસ્તારના દસ્તાવેજો ઉપલબ્ધ ના થાય તેવા કિસ્સામાં ૧૦ કિ.મી. વિસ્તારના જમીનના નોંધાયેલા વેચાણ દસ્તાવેજોની કિંમત ધ્યાનમાં રાખી પ્રિમીયમના દર નક્કિ કરવામાં આવશે.

સરકારે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં શું કરવું તે માટે અલગ અલગ જોગવાઈઓ જાહેર કરેલ છે. બિનખેતીની જમીના વેચાણ દસ્તાવેજ ઉપલબ્ધ ના હોય તો ખેતીની જમીનના વેચાણ દસ્તાવેજોના ત્રણ ગણા ભાવવાળી નવી કિંમત નક્કિ કરી પ્રિમીયમ આકારવામાં આવશે. હાલમાં નવી શરતની જમીન રહેણાંક હેત માટે બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એ રીતે રેકર્ડમાં લખેલ જમીનનો કબજો ૨૫ વર્ષ ઉપરાંતથી ધરાવતા હોય તેવા ખેડૂતોને નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવાની નીતિમાં સરકારે ફેરફાર કરતા તથા પ્રાંત અધિકારીશ્રીને આ બાબતે તમામ સત્તા આપવામાં આવતા પ્રિમીયમના દર નક્કિ કરવા કમીટી બેસે તે રાહ જોવામાંથી મુક્તિ મળતા નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા જંત્રીના દરે પ્રિમીયમના દર અંગે સરળ રીતે ગણતરીમાં લેવામાં આવતા નવી શરતની જમીન ધારણ કરતા ખેડૂતોમાં રાહતનો શ્વાસ લેવાઈ રહ્યો છે સરકારની આ નિતી ખેડૂતો દ્વારા સ્વાગત કરવામાં આવેલ હોય આગામી સમયમાં નવી શરતની જમીનના ભાવો ઉચકાશે તે નક્કિ છે.

આપણી અંદર રહેલા આ ભયને જડમૂળથી ઉખાડીને ફેંકી દઈએ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

સાત વખત સૂકાં મરચાંનો શિરથી કર્યો ઉતાર;
આગ મહીં હોમ્યાં ત્યાં તો કૈં વધતો ચાલ્યો ભાર,
જલતાં તોય ન વાસ, અમોને કેમ ન લાગે પાસ ?
અમોને નજરું લાગી !

- હરિન્દ્ર દવે

આપણે સૌ 'નજર લાગી' જવાની રૂઢિગત બાબતથી એવા ડરેલા છીએ કે બહારથી ગમે એટલા મોર્ડન દેખાવા છતાં આજે પણ ઘરની બહાર કે ગાડી પર લીંબુ અને મરચા લગાડીએ છીએ. મોટા મોટા ક્રિકેટર્સ, આર્ટિસ્ટ્સ, ઉદ્યોગપતિઓ તેમજ રાજકારણી પગમાં કાળો દોરો બાંધીને પોતાની જાતને નજર લાગવાથી બચાવતા જોવા મળે છે. ફિલ્મી સ્ટાર્સ પોતાના કપડા, હેર સ્ટાઈલ, મેક-અપ વગેરેને લઈને ગમે તેટલા જાગૃત હોય છતાં પગના આ કાળા દોરાથી તેમનો Look ખરાબ થઈ જશે એમ ન માનીને અચૂકપણે કાળો દોરો બાંધે છે.

આપણે ત્યાં કહેવતમાં પણ કહેવાયું છે કે ''મીઠી નજર 'મા' ની'' ! અને એમ જો જન્મદાતા 'મા'ની નજર લાગી શકતી હોય તો દુઃખી, અસંતુષ્ટ અને વિઘ્નસંતોષી લોકોની નજર તો ચોક્કસ લાગે એમ વિચારીને આપણે કાળો દોરો, કાળું ટપકું કે આ પ્રકારના જ અન્ય ઉપાયો કરતા થઈ જઈએ છીએ. આપણે આપણી આસપાસ રહેતા અને આપણા અંગત સંબંધોથી પણ એવા ડરેલા હોઈએ છીએ કે સતત કોઈ અજાણ્યો ભય આપણને નજર લાગવાના બહાને ડરાવી રહ્યો હોય છે ! કવિ સુધીર પટેલ લખે છે :

''નથી રસ્તા સરળ કોઈ,
કરે દિશાય છળ કોઈ !
સલામત ક્યાં છે જળ કોઈ ?
ટીપે ટીપે વમળ કોઈ !
જડે ક્યાં એનું તળ કોઈ.
મળે માણસ અકળ કોઈ
નજર એ કેમ આવે પણ ?
નજર આગળ પડળ કોઈ !''

- સુધીર પટેલ

આજકાલ મીડિયા અને ઈન્ટરનેટમાં દીપીકા પાદુકોણે અને રણવીર સિંઘના લગ્નની ચર્ચા પૂરજોશમાં થઈ રહી છે. ત્યારે તેમના લગ્નને એક સાવ અંગત કાર્યક્રમ તરીકે ઉજવીને આ બોલીવૂડ કપલ લોકોની નજરે ન ચડાય તે રીતે લગ્ન કર્યાં. લગ્ન એ સામાન્યથી માંડીને સુપરસ્ટાર સુધી સૌના જીવનની અતિ મહત્ત્વની બાબત હોવા છતાં નજર ન લાગે એવા ભયથી આ બંને સુપરસ્ટાર્સ ફોટા અને વીડિયોઝ અપલોડ ન કરતા હોય તેમ બની શકે! આપણે બધા જ એક અજ્ઞાત ભયથી ડરીને જીવતા હોઈએ છીએ અને એ ડર આપણને આપણી ખુશી કે આપણો આનંદ અન્યથી છુપાવીને રાખવા પ્રેરે છે. જો કે, આ બાબત બધાને લાગુ પડે તેમ ન કહી શકાય પણ ગાંધીનગર જેવા શહેરમાં મોટા ભાગના દરેક ચાર રસ્તા પર લીંબુ કે કોળું કે નારિયેળ અને આવી અનેક વસ્તુઓ પડેલી જોઈએ ત્યારે લાગે કે ઘણો મોટો વર્ગ આ રીતની અંધશ્રદ્ધાથી પીડાય છે જ !

''એક જ દશાના દશ્ય બે આંખોને તીર છે;
એમાં જ પ્યાસ છે અને એમાં જ નીર છે.
દેખાવમાં તો હાથની થોડી લકીર છે;
પણ એ જીવનની જાળના સૌએ અસીર છે
જગને બતાવવામાં હવે રસ નથી
મને પહેલાં હતું જે એ જ હજી પણ ખમીર છે.''

- 'બેફામ'

ધર્મનો ભય કે કંઈક અઘટિત થઈ જવાનો ભય કોઈ પણ પ્રકારનો ભય આપણને ન ડરાવી શકે તેવા બનીશું ત્યારે જ જિંદગીને ખરા અર્થમાં માણી શકીશું. આપણે દંભ તો કરીએ છીએ કે આપણને કશાનો ડર નથી પણ મનના કોઈ અજ્ઞાત ખૂણે એક છાનો ડર હંમેશ આપણને ડરાવતો રહે છે. તો આવો, આપણી અંદર રહેલા આ ભયને, આ અસલામતીને જડમૂળથી ઉખાડીને ફેંકી દઈએ. લીંબુ, મરચાં, કાળા દોરા અને આવી વિવિધ બાબતોથી દૂર રહીએ અને એક સુંદર, શુદ્ધ અને સાત્ત્વિક સમાજનું નિર્માણ કરીએ. આપણે સૌ સાથે મળીને એક એવું વિશ્વ બનાવીએ કે જયાં માત્ર પ્રેમ અને લાગણીની ભીનાશ હોય અને કોઈ પણ પ્રકારનો ભય ન હોય!

Last Seen :

"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુઝ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે
દીન, ક્રૂર ને ધર્મવિહોણાં દેખી દિલમાં દર્દ રહે
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે."

- શ્રી 'ચિત્રભાનુ' મહારાજ

nehalgadhavi101@gmail.com

બાંગલાદેશની સંસદની ડિસેમ્બરની ચૂંટણી ઢાકા અને દિલ્હી માટે નિર્ણાયક

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- **વડાપ્રધાન શેખ હસીનાની સામે બંગબંધુના સાથી ડૉ.કમાલ હુસૈનના વડપણવાળો ૨૦ પક્ષોનો મોરચો**
- **ભારતતરફી અવામી લીગ વિરુદ્ધ પાકિસ્તાનતરફી બાંગલાદેશ નેશનાલિસ્ટ પાર્ટી વચ્ચે ખરાખરીનો જંગ**
- **જેલવાસી પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાની બીએનપી સહિતનો જાતીય ઐક્ય ફ્રન્ટ સત્તારૂઢ થવા ઉત્સુક**
- **ભારતીય જનતા પાર્ટીથી પ્રેરાઈને બાંગલાદેશ જનતા પાર્ટી (બીજેપી) હિંદુહિત માટે ચૂંટણી જંગમાં ઝૂકાવશે**

ઓગસ્ટ ૧૯૪૭માં પાકિસ્તાનનો જન્મ ભારત ભણી ઘૃણા અને હિંસાચાર વચ્ચે થયો. વર્ષ ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન બાંગલાદેશ બન્યા પછી પણ અત્યાર લગી એ બંને પરંપરા અખંડ રહી છે. આગામી ૩૦ ડિસેમ્બરે બાંગલાદેશ સંસદની ૩૫૦ બેઠકોની ચૂંટણી થવાનું નક્કી થઈ ચૂક્યું છે ત્યારે પણ હિંસાચાર ચાલુ છે.જાન્યુઆરી ૨૦૧૪માં યોજાયેલી છેલ્લી ચૂંટણી વર્તમાન વડાપ્રધાન અને દેશના રાષ્ટ્રપિતા બંગબંધુ મુજીબુર્રહેમાનનાં દીકરી શેખ હસીના વાજેદ માટે જેટલી સરળ હતી, એટલી આ વખતની ચૂંટણી સરળ નથી.ગઈ ચૂંટણીમાં મુખ્ય વિપક્ષ બાંગલાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)એ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. આ વખતે બીએનપીનાં સુપ્રીમો અને ભૂતપૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયા ભલે ભ્રષ્ટાચારના ખટલાઓમાં પાંચ વર્ષની સજા ભોગવવા જેલમાં હોય, એમના પક્ષ સહિતના ૨૦ વિપક્ષોના મોરચા જાતીય ઐક્ય ફ્રન્ટને ચૂંટણી પ્રભાવી રીતે લડાવવા માટે ગણ ફોરમ પક્ષના વડા બૅરિસ્ટર ડૉ.કમાલ હુસૈન જેવા પ્રતિષ્ઠિત મહાનુભાવ મળ્યા છે. ડૉ.કમાલ બંગબંધુના નિકટના સાથી જ નહીં, પાકિસ્તાનની જેલમાં પણ સાથે હતા.દુનિયાભરમાં આદરથી લેવાતું નામ છે.જોકે આ વખતની ચૂંટણી જીતવામાં શેખ હસીનાને બહુ મુશ્કેલી પડવાની શક્યતા નથી,પરંતુ તલવારની ધાર પર ચાલવા જેવો જંગ જરૂર ખેલાશે. હસીના તાનાશાહ ગણાય છે,પરંતુ ભારત તરફી છબિ અને હિંદુઓ માટેની સહાનુભૂતિ ઉપરાંત ચૂંટણી વખતે પણ સરકારમાં રહેવાના ફાયદા એમને મળવાના હોવાથી ચૂંટણી જીતીને એ વડાપ્રધાન બને તો બહુ આશ્ચર્ય નહીં થાય.આવું બને તો લાગલગાટ ત્રણવાર વડાપ્રધાન બનાવાનો વિક્રમ નોંધાવશે.

બાંગલાદેશના રાજકારણમાં મહિલાઓ

પાકિસ્તાનના ગોત્રના જ આ દેશને વારંવાર ઈસ્લામિક રાષ્ટ્ર કરવાની કોશિશ થતી રહી હોવા છતાં એ ફરી ફરીને સેક્યુલર રિપબ્લિક બન્યું છે.એનો યશ શેખ હસીનાની નેતાગીરીને આપવો પડે. પૂર્વ પાકિસ્તાનની પ્રજા બંગાળી ભાષા અને સંસ્કૃતિ માટેનું ગૌરવ ધરાવતી હોવાથી એણે પશ્ચિમ પાકિસ્તાનની જોહુકમી અને ઉર્દૂ માટેના દુરાગ્રહ સામે વિરોધ આંદોલન કર્યાં.શેખ મુજીબે જયારે ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો અને વડાપ્રધાન થવાનો એમનો વારો હતો ત્યારે પાકિસ્તાને એમને અન્યાય કર્યો એટલું જ નહીં, બંગાળી પ્રજા પર જુલમ કર્યા.મુજીબ અને ડૉ.કમાલ જેવા અનેકોને જેલમાં ઠૂંસી દીધા.ભારતીય વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના યુગમાં દિલ્હીના સમર્થનથી પૂર્વ પાકિસ્તાનમાંથી બાંગલાદેશનું અવતરણ થયું અને મુજીબ એના પ્રથમ વડાપ્રધાન બન્યા.જોકે ૧૯૭૫માં એ રાષ્ટ્રપતિ બન્યા અને એક પક્ષી સરકાર થકી જોહુકમી આદરી એવા વખતે લશ્કરે બળવો કર્યો,મુજીબ સહિત પરિવારની કત્લેઆમ થઈ.એ વેળા હસીના અને તેમનાં બહેન શેખ રેહાના બાંગલા દેશમાં નહોતાં.તેઓ પશ્ચિમ જર્મનીમાં હતાં એટલે બચી ગયાં. હસીના છેક ૧૯૮૧માં સ્વદેશ આવી શક્યાં.રેહાના અવામી લીગનાં નેતા છે અને એમની દીકરી તુલીપ રીઝવાના સિદ્દીક યુ.કે.માં લેબર પાર્ટીનાં સાંસદ છે. વર્ષ ૧૯૭૫ના એ લશ્કરી બળવાને પગલે જનરલ ઝિયા ઉર રહેમાન લશ્કરી તાનાશાહ બન્યા.એમનાં પત્ની એટલે ખાલેદા ઝિયા.જનરલ ઝિયાએ બીએનપી સ્થાપી અને એને જીતાડીને લોકતંત્રનો દેખાડો કરીને દેશને ઈસ્લામિક બનાવવાનો પ્રયાસ કર્યો. જોકે એમની પણ ૧૯૮૧માં હત્યા થતાં જનરલ અરશદ ગાદીએ ચડી બેઠા.એ પણ ઈસ્લામિક રાજ્યના જ આગ્રહી રહ્યા.અરશદ સામે ૧૯૯૦માં ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ માટે જનઆંદોલન થયું અને એમણે ૧૯૯૧માં સત્તા છોડવી પડતાં જેલવાસી થયાં.ચૂંટણી પછી ખાલિદા ઝિયા વડાપ્રધાન થયાં. વડાપ્રધાનને વહીવટી સત્તા મળે એવા બંધારણીય ફેરફાર કર્યા.૧૯૯૬ની ચૂંટણીમાં અવામી લીગનાં શેખ હસીના વિજયી થતાં વડાપ્રધાન થયાં.૧૯૯૭માં અરશદ જેલમુક્ત થયા.જુલાઈ ૨૦૦૧માં હસીનાએ વડાપ્રધાનપદે પાંચ વર્ષ પૂર્ણ કર્યાં અને ચૂંટણી માટે સત્તા કાર્યવાહક સરકારને સોંપી.

હત્યાના ખટલામાં હસીના જેલવાસી

ઓક્ટોબર ૨૦૦૧ની ચૂંટણી હસીના હાર્યાં અને ફરી ખાલિદા ઝિયા વડાપ્રધાન બન્યાં.ઓક્ટોબર ૨૦૦૬માં ખાલિદાએ કાર્યવાહક સરકારને સત્તા સોંપી અને ચૂંટણીમાં શેખ હસીનાનો વિજય થતાં એ વડાપ્રધાન થયાં.એપ્રિલ ૨૦૦૭માં શેખ હસીના એક હત્યા પ્રકરણમાં જેલવાસી થયાં. ખાલિદા ઝિયા ભ્રષ્ટાચારના ખટલામાં નજરકેદ થયાં. જૂન ૨૦૦૮માં તબીબી સારવાર માટે હસીનાને અમેરિકા જવા મુક્ત કરાયાં.એ પછી ડિસેમ્બર ૨૦૦૮માં જે ચૂંટણી થઇ તેમાં અવામી લીગ ભવ્ય બહુમતી સાથે ચૂંટાતાં શેખ હસીના જાન્યુઆરી ૨૦૦૯માં વડાપ્રધાન થયાં.જોકે તેમના ન્યૂક્લિઅર વૈજ્ઞાનિક પતિ એમ.એ.વાજેદ મિયાંનું મે ૨૦૦૯માં નિધન થયું હતું. વડાપ્રધાન હસીનાએ આ મુદતમાં બંધારણીય સુધારો કરીને ચૂંટણી માટે સત્તા કાર્યવાહક સરકારને સોંપવાની જોગવાઈ દૂર કરાવી.આજે પાકિસ્તાનમાં પણ ચૂંટણી પૂર્વે વડાપ્રધાન કે મુખ્યમંત્રી સત્તા કાર્યવાહક સરકારને સોંપી દેવાની જોગવાઈ છે.ભારતમાં આવી જોગવાઈ નથી.વર્ષ ૨૦૧૪માં સંસદની ચૂંટણી માટે શેખ હસીના હોદ્દાનો દુરુપયોગ ના કરે એ માટે સત્તા કાર્યવાહક સરકારને સોંપે એ સહિતની માંગણીઓ સાથે બીએનપી ચૂંટણી લડવા માંગતી હતી,પણ એ મંજૂર નહીં રખાતાં બીએનપીએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.આ વખતે ચૂંટણીમાં આ માંગણી ઊઠી તો છે,પણ હસીના દાદ દે તેમ નથી. ખાલિદા જેલમાં છે.ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠરાવાય એવી ચર્ચા પણ છે.એમનો દીકરો અને વિદેશમાં રહીને પક્ષના કાર્યવાહક અધ્યક્ષની જવાબદારી સંભળાતા તારિક રહેમાનની મથરાવટી પણ મેલી છે.એની સામે પણ ભ્રષ્ટાચારના ખટલા છે.બીએનપીનું કહેવું છે કે હસીના રાજકીય વેર વાળવા આવા ખટલા દાખલ કરાવે છે. સંસદની છેલ્લી ચૂંટણીમાં જનરલ અરશદની જાતીય પાર્ટી (ઈ)નાં ઉમેદવાર અને અરશદનાં પત્ની રોશન અરશદને વિપક્ષનાં નેતા થવાની તક મળી હતી.સંસદનાં અધ્યક્ષ પણ શિરીન શર્મીમ ચૌધરી નામક અવામી લીગનાં નેતા છે. સંસદમાં નાયબ નેતા તરીકે પણ હસીનાના પક્ષનાં જ સઈદા સાજેદા ચૌધરી છે. ૩૫૦ સભ્યોમાંથીએક બેઠક ખાલી છે.ગૃહમાં ૨૭૬ અવામી પાર્ટીના સભ્યો છે.બાકીના ચાર પક્ષો તેમના સત્તા મોરચામાં છે.વિપક્ષમાં એકમાત્ર અરશદની પાર્ટીના ૪૦ સભ્યો ઉપરાંત અપક્ષ સાંસદોની સંખ્યા ૧૬ છે. હવેની ચૂંટણીમાં બીએનપીના વડપણવાળા મોરચાની ચૂંટણીમાં સામેલગીરીથી ચિત્ર બદલશે.

ખાલિદાના કટ્ટરવાદ વિરુદ્ધ બીજેપી

ખાલિદા શાસનમાં જમાત-એ-ઈસ્લામી જેવા કટ્ટરવાદી પક્ષ થકી આતંકી પ્રવૃત્તિ વધી છે. લઘુમતી એટલેકે હિંદુ, બૌ